## ફાળાનો દર

Usdaw નો સદસ્યતા માટેનો દર કામદાર સંઘ ચળવળમાં સૌથી નીચો છે, માત્ર થોડાં જ પેન્નીઓ પ્રતિ દિવસમાં પ્રથમ શ્રેણીના લાભો અને વ્યાવસાયિક સેવાઓ પૂરી પાડે છે.

## વધુ માહિતી માટે અથવા Usdaw માં જોડાવા માટે:

- આપની Usdaw પ્રતિનિધીનો સંપર્ક કરો
- આપના સ્થાનિક Usdaw કાર્યાલયનો સંપર્ક કરો
  **0800 030 80 30**
- અમારી વેબસાઇટ
  **www.usdaw.org.uk**ની મુલાકાત લો

# તમે અનુભવો છો...

## એકલાં હોવાનું?

## કાર્યસ્થળે તમારા હક્કો બાબતે અનિશ્ચિત?

## તમે અંગ્રેજી શીખવામાં મદદ ઇચ્છો છો?

## Usdaw મદદ કરી શકે છે – અમે તમારા કામદાર સંઘ છીએ.

USDAW

આ ચોપાનિયાંમાંની વિગતો છપાયાની તારીખે સાચી છે – 04/2024

USDAW

Usdaw દ્વારા પ્રકાશિત
Voyager Building
2 Furness Quay
Salford Quays
Manchester M50 3XZ

Gujarati

તમારે Usdaw માં જોડાવું જોઇએ તે માટેના છ સારા કારણો
-તમારો કામદાર સંઘ.

# આપે Usdaw માં જોડાવું જોઇએ તે માટેના છ સારા કારણો...

1. અમે અમારા સભ્યોને તેમના કાર્યસ્થળ પરના હક્કો જાણવામાં મદદ કરીએ છીએ. જેમ કે, શું આપને ખબર હતી કે તમે આ માટેના હક્ક ધરાવો છો:

   – વયસ્કો માટે ન્યૂનતમ વેતન. આ દર વર્ષે વધે છે અને એપ્રિલ 2024 થી તે આ મુજબ છે:

   £11.44 પ્રતિ કલાક 21 વર્ષ કે તેથી વધુનાઓ માટે

   £8.60 પ્રતિ કલાક 18-20 વર્ષનાઓ માટે

   £6.40 પ્રતિ કલાક 16-17 વર્ષનાઓ માટે

   – એક વર્ષમાં 28 દિવસોની ભરપગાર રજા (એક અઠવાડિયામાં 5 દિવસ કામ કરવા વાળા માટે).

   – 11 કલાકનો દૈનિક આરામ.

   – મોટા ભાગના કામદારો ત્રણ દિવસની માંદગી પછી માંદગી ભથ્થા માટે હકદાર છે.

2. અમે અમારા સભ્યોની સમસ્યાઓ પ્રબંધન સમક્ષ ઊઠાવીએ છીએ અને શિસ્તપાલનની સુનાવણીઓમાં આપનું પ્રતિનિધિત્વ કરીએ છીએ.

3. અમે અમારા સભ્યોને કાર્યસ્થળે અકસ્માત, ગેરવાજબી બરખાસ્તી અને ભેદભાવના બનાવોમાં મફત કાયદાકીય સલાહ અને પ્રતિનિધિત્વ પૂરું પાડીએ છીએ.

4. અમે અમારા સભ્યોને અંગ્રેજી, ગણિત અને કમ્પ્યુટર સહિતના વિશાળ શ્રેણીના વિષયો ઉપર મફત તાલીમની મળે તે માટે મદદ કરી શકીએ છીએ.

5. અમે વંશવાદ વિરુદ્ધ ઝુંબેશ ચલાવીએ છીએ અને બધા કામદારો માટે સમાન વર્તનને ઉત્તેજન આપીએ છીએ.

6. અમે અમારા સભ્યોના વેતન અને કાર્યસ્થળે અવસ્થાને સુધારવા માટે કામ કરીએ છીએ.

- દરેક જણ કામદાર સંઘમાં જોડાઇ શકે છે.
- આપને કામદાર સંઘમાં જોડાવાનો કાયદાકીય હક્ક છે.
- આપે આપના નોકરીદાતાને એ જણાવવાની જરુર નથી કે આપ એક કામદાર સંઘના સભ્ય છો.
- આપના એક કામદાર સંઘના સભ્ય હોવાને કારણે કોઇનું પણ આપની વિરુધ્ધ ભેદભાવ કરવું એ ગેરકાયદેસરનું છે.